# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારાં ચોમાસું પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અને સંકલિત રોગ અને જીવાત વ્યવસ્થાપન વિષય ઉપર કેન્દ્રિય તાલીમ વર્ગ યોજાયો

માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયા સાહેબના માર્ગદર્શન હેઠળ આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા **ચોમાસું પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અને સંકલિત રોગ અને જીવાત વ્યવસ્થાપન** વિષય ઉપર **તા. ૦૮/૦૮/૨૦૨૪** ના રોજ કેન્દ્ર ખાતે ચાલતી આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત એક દિવસીય ખેડૂત તાલીમ વર્ગ યોજાયો.

આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ કેન્દ્રના વડા **ડૉ. વાય. બી. ચૌહાણ** દ્વારા ખેડૂતોનું શાબ્દિક સ્વાગત કરી કેન્દ્રની વિવિધ સંશોધન અને વિસ્તરણની પ્રવૃત્તિઓ વિશે ખેડૂતોને માહિતગાર કર્યા ત્યારબાદ ચોમાસું પાકોમાં રોગ- જીવાત વ્યવસ્થાપન વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી. **ડૉ. સી. જે પટેલ** દ્વારા ચોમાસું પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ, **શ્રી. સંદીપ રાઠોડ** દ્વારા ચોમાસું પાકોમાં ખાતર વ્યવસ્થાપન, **ડૉ. એચ. કે. દેસાઇ** દ્વારા મકાઇ અને સોયાબીનનું મૂલ્યવર્ધન અને પોષણક્ષમ બનાવટો, **ડૉ. એચ. એન ચૌધરી** દ્વારા પ્રાકૃતિક ખતરો બનાવવાંની પદ્ધતિ અને ચોમાસું પાકોમાં કાર્યક્ષમ ઉપયોગ જેવા જુદાં જુદાં વિષયો ઉપર ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ . આ એક દિવસીય તાલીમ વર્ગમાં **ગુણાં** ગામ, તાલુકો **દેવગઢ બારિઆનાં ૪૫** જેટલા ખેડૂત ભાઈઓએ ઉત્સાહભેર ભાગ લીધો. આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવેલ.











